Sunday
26.07.2026
*Volume :11 * Issue No.22
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત — વંદે માતરમ્

# કમલમ્

KAMALAM — ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક — Daily

RNI No.:GUJGUJ/2016/73451

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# પ્રધાનમંત્રી ૨૬ જુલાઈએ 'વિકસિત વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ ૨૦૨૬'ના સહભાગીઓ સાથે સંવાદ કરશે



## રાષ્ટ્રવ્યાપી ઓનલાઇન ક્વિઝ સ્પર્ધા દ્વારા 'વિકસિત વાઇબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ ૨૦૨૬' માટે દરેક રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશનું પ્રતિનિધિત્વ કરતા ૪૦૦ થી વધુ યુવા સહભાગીઓની પસંદગી કરવામાં આવી છે

### લદાખ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના ૭૪ વાઇબ્રન્ટ સરહદી ગામડોઓ સાથે યુવાનોને જોડતા 'વિકસિત વાઇબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ ૨૦૨૬'નું આયોજન ૪ જૂનથી ૩૦ જૂન દરમિયાન કરવામાં આવ્યું હતું

### આ કાર્યક્રમે સહભાગીઓને ભારતના સરહદી વિસ્તારોના સામાજિક-આર્થિક પરિદ્રશ્ય, સાંસ્કૃતિક વારસો અને વિકાસાત્મક આકાંક્ષાઓનો પ્રત્યક્ષ અનુભવ પૂરો પાડ્યો

કમલમ્,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૨૬ જુલાઈ ૨૦૨૬ના રોજ સાંજે ૪:૩૦ વાગ્યે વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા 'વિકસિત વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ ૨૦૨૬'ના સહભાગીઓ સાથે સંવાદ કરશે. માય ભારત (MY Bharat) દ્વારા અમલમાં મુકાયેલ વિકસિત વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ, ભારતના સરહદી ગામડાઓને દેશના પ્રથમ ગામડાઓ ગણવાના અને વિકસિત ભારત તરફની યાત્રામાં તેમને સક્રિય ભાગીદાર બનાવવાના પ્રધાનમંત્રીના દ્રષ્ટિકોણને સાકાર કરવા માટે સાકાર કરવામાં આવ્યો છે. વિકસિત વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ ૨૦૨૬નું આયોજન ૪ જૂનથી ૩૦ જૂન ૨૦૨૬ દરમિયાન બે તબક્કામાં કરવામાં આવ્યું હતું, જેમાં લદાખ, હિમાચલપ્રદેશ અને ઉત્તરાખંડના ૭૪ વાઈબ્રન્ટ ગામડાઓને આવરી લેવામાં આવ્યા હતા. રાષ્ટ્રવ્યાપી ઓનલાઈન ક્વિઝ સ્પર્ધા દ્વારા દરેક રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશનું પ્રતિનિધિત્વ કરતા ૪૦૦ થી વધુ યુવા સહભાગીઓની પસંદગી કરવામાં આવી હતી, જેમાં ત્રણ લાખથી વધુ યુવાનોએ ભાગ લીધો હતો. કાર્યક્રમના ભાગરૂપે, સહભાગીઓ સ્થાનિક સમુદાયો સાથે રહ્યા હતા અને સ્વચ્છતા અભિયાન, સરકારી યોજનાઓ અંગે જાગૃતિ અભિયાન, યુવા સંમેલન, સાંસ્કૃતિક આદાન-પ્રદાન કાર્યક્રમો, વૃક્ષારોપણ અભિયાન, મિની મોડેલ પંચાયત સિમ્યુલેશન, સ્થાનિક કારીગરો સાથે સંવાદ અને વ્યૂહાત્મક મહત્વ ધરાવતી સંસ્થાઓની મુલાકાત જેવી પ્રવૃત્તિઓ હાથ ધરી હતી. આ કાર્યક્રમે સમુદાયની ભાગીદારી, રાષ્ટ્રીય એકીકરણ અને સરહદી ગામડાઓના વ્યૂહાત્મક મહત્વની ઊંડી સમજણને પ્રોત્સાહન આપવાની સાથે સહભાગીઓને ભારતના સરહદી વિસ્તારોના સામાજિક-આર્થિક પરિદ્રશ્ય, સાંસ્કૃતિક વારસો અને વિકાસાત્મક આકાંક્ષાઓનો પ્રત્યક્ષ અનુભવ પૂરો પાડ્યો હતો.

# ભારતના રાષ્ટ્રપતિએ ભારત-રોમાનિયા બિઝનેસ ફોરમને સંબોધિત કર્યું

## રોમાનિયન કંપનીઓએ ભારતની વિકાસયાત્રામાં સક્રિયપણે ભાગ લેવો જોઈએ: રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ

કમલમ્,

ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ બુકારેસ્ટ ખાતે રોમાનિયાના રાષ્ટ્રપતિ મહામહિમ શ્રી નિકુશોર ડાન, રોમાનિયા સરકારના સભ્યો, ભારત અને રોમાનિયાના વ્યાપારી નેતાઓ તેમજ ભારત અને રોમાનિયાના ઉદ્યોગ મંડળોના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં ભારત-રોમાનિયા બિઝનેસ ફોરમને સંબોધિત કર્યું હતું. આ પ્રસંગે રાષ્ટ્રપતિએ જણાવ્યું કે, યુરોપના વ્યૂહાત્મક સ્થાન પર આવેલું રોમાનિયા, ઉચ્ચ કૌશલ્ય ધરાવતું માનવબળ, અદ્યતન ઔદ્યોગિક ક્ષમતાઓ અને યુરોપિયન યુનિયન સાથેનું મજબૂત એકીકરણ ધરાવતું હોવાથી ભારત માટે સ્વાભાવિક અને મૂલ્યવાન ભાગીદાર છે.

તેમણે કહ્યું કે રોમાનિયા માત્ર રોકાણ માટેનું મહત્વપૂર્ણ ગંતવ્ય જ નહીં, પરંતુ સમગ્ર યુરોપિયન બજારમાં પ્રવેશ માટેનું મહત્વપૂર્ણ દ્વાર પણ છે. તેમણે જણાવ્યું હતું કે આ ફોરમમાં ભારતીય વ્યાપારી પ્રતિનિધિમંડળ ની મોટી સહભાગિતા એ રોમાનિયા જે તકો પૂરી પાડે છે તેમાં ભારતીય ઉદ્યોગોના વધતા વિશ્વાસ અને રોમાનિયન વ્યવસાયો સાથે સ્થાયી ભાગીદારી બનાવવાની તેમની ઈચ્છાને પ્રતિબિંબિત કરે છે. રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે વેપાર અને આર્થિક સહયોગ સમકાલીન ભાગીદારીના કેન્દ્રમાં છે. આશરે બે અબજ લોકોના સંયુક્ત બજાર અને લગભગ ૨૫ ટ્રિલિયન ડોલરના આર્થિક કદ સાથે, ભારત-EU FTA વિશ્વની સૌથી મહત્વપૂર્ણ આર્થિક ભાગીદારીઓમાંની એક છે અને તેનો ઉદ્દેશ્ય વેપાર સંકલનને મજબૂત કરવાનો, રોકાણના પ્રવાહને વધારવાનો તથા સ્થિતિસ્થાપક અને વૈવિધ્યસભર સપ્લાય ચેઈન બનાવવાનો છે.

તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે FTA નું વહેલું અને અસરકારક અમલીકરણ અત્યંત મહત્વપૂર્ણ રહેશે. તે વ્યવસાયો માટે એક અનુમાનિત વાતાવરણ પૂરું પાડશે, વેલ્યુ ચેઈન સંકલનને પ્રોત્સાહન આપશે અને બંને પક્ષોના MSMEs, સ્ટાર્ટઅપ્સ અને ઈનોવેટર્સ માટે નવી તકો ઊભી કરશે. રાષ્ટ્રપતિએ કહ્યું કે ભારત આજે વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મુખ્યા અર્થવ્યવસ્થાઓમાંની એક છે. આપણું "વિકસિત ભારત ૨૦૪૭" નું વિઝન આપણી આઝાદીના શતાબ્દી વર્ષ સુધીમાં ભારતને એક વિકસિત રાષ્ટ્રમાં પરિવર્તિત કરવાનો ઉદ્દેશ્ય ધરાવે છે. આ યાત્રા




આંતરરાષ્ટ્રીય ભાગીદારી, રોકાણ અને ટેકનોલોજી સહયોગ માટે અપાર તકો રજૂ કરે છે. રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે સરળ કરવેરા અને પ્રોડક્શન-લિંક્ડ ઈન્સેન્ટિવ્સ (PLI) દ્વારા પારદર્શક, અનુમાનિત અને રોકાણકાર-સાનુકૂળ વ્યાપારિક વાતાવરણ ઊભું કરવા માટે ભારત પહેલ કરી રહ્યું છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે ભારત અને રોમાનિયા વચ્ચે ઊર્જા સુરક્ષા અને ગ્રીન ટ્રાન્ઝિશન (હરિત સંક્રમણ) માં સહયોગ માટે અપાર અવકાશ છે. કેમિકલ અને ફર્ટિલાઈઝર્સ ઉદ્યોગમાં રોમાનિયાની ક્ષમતાઓને જોતાં, આ ક્ષેત્રમાં પણ સહયોગની શક્યતાઓ છે. ભારતનું વૈશ્વિક સ્તરે માન્યતા પ્રાપ્ત ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સમૃદ્ધ સ્ટાર્ટ-અપ ઈકોસિસ્ટમ અને માહિતી ટેક્નોલોજીમાં નેતૃત્વ રોમાનિયાની સોફ્ટવેર એન્જિનિયરિંગ, સાયબર-સિક્યુરિટી, સંશોધન અને અદ્યતન ટેકનોલોજી ક્ષેત્રની શક્તિઓ માટે પૂરક બની શકે છે.

બંને દેશોની કંપનીઓ માટે પોર્ટ્સ, રેલવે, હાઈવે, લોજિસ્ટિક્સ પાર્ક્સ અને મલ્ટી-મોડલ ટ્રાન્સપોર્ટ સહિતના પરિવહન અને લોજિસ્ટિક્સ ક્ષેત્રોમાં સહયોગ કરવાની તકો પણ રહેલી છે. આપણે ફાર્માસ્યુટિકલ્સ, હેલ્થકેર, કૃષિ અને ફૂડ પ્રોસેસિંગમાં પણ સહયોગ ગાઢ બનાવી શકીએ છીએ. રાષ્ટ્રપતિએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ભારત અને રોમાનિયાના વ્યાપારી સમુદાયો આ ઉભરતી તકોને ઝડપી લેશે અને તેને સફળ વ્યાપારી ભાગીદારીમાં પરિવર્તિત કરશે. તેમણે રોમાનિયન કંપનીઓને ભારતની વિકાસયાત્રામાં સક્રિયપણે ભાગ લેવા વિનંતી કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે આપણા વ્યવસાયો મજબૂત સપ્લાય ચેઈન બનાવી શકે છે, રોજગારી ઊભી કરી શકે છે, નવીનતાને પ્રોત્સાહન આપી શકે છે અને આપણા લોકો માટે સતત સમૃદ્ધિનું સર્જન કરી શકે છે.

# બુકારેસ્ટ યુનિવર્સિટી ઓફ ઈકોનોમિક સ્ટડીઝ દ્વારા રાષ્ટ્રપતિજીને માનદ ડોક્ટરેટની પદવી એનાયત

## સંયુક્ત સંશોધન તેમજ ફેકલ્ટી અને વિદ્યાર્થીઓના આદાન-પ્રદાન દ્વારા સહયોગને વધુ ગાઢ બનાવો: રોમાનિયન યુનિવર્સિટીઓને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુનો અનુરોધ





કમલમ્,

બુકારેસ્ટ યુનિવર્સિટી ઓફ ઈકોનોમિક સ્ટડીઝ દ્વારા રોમાનિયાના બુકારેસ્ટ ખાતે યોજાયેલા એક સમારોહમાં ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુને માનદ ડોક્ટરેટની પદવી એનાયત કરવામાં આવી હતી. પોતાના સ્વીકાર પ્રવચનમાં, રાષ્ટ્રપતિજીએ આ માન્યતા બદલ બુકારેસ્ટ યુનિવર્સિટી ઓફ ઈકોનોમિક સ્ટડીઝના રેક્ટર, સિનેટ અને સમગ્ર યુનિવર્સિટી પરિવારનો આભાર માન્યો હતો. તેમણે આ સન્માનને ભારત અને રોમાનિયાના લોકો વચ્ચેની ચિરંજીવ મિત્રતાના પ્રતિબિંબ તરીકે સ્વીકાર્યું હતું. રાષ્ટ્રપતિજીએ કહ્યું કે શિક્ષણ તેમના જીવનમાં સૌથી વધુ પરિવર્તનકારી બળ રહ્યું છે. તેમણે જણાવ્યું કે તેમને શિક્ષક તરીકે કામ કરવાનો લહાવો મળ્યો હતો અને તેમણે પ્રત્યક્ષ અનુભવ કર્યો હતો કે એક સામાન્ય વર્ગખંડ પણ સમય જતાં પરિવારનું ભવિષ્ય અને સમગ્ર સમુદાયનું ભવિષ્ય કેવી રીતે બદલી શકે છે. તેમણે રેખાંકિત કર્યું કે શિક્ષણ એ માત્ર વ્યક્તિગત પ્રગતિનું સાધન નથી, પરંતુ એક ન્યાયી અને સમાવેશી સમાજનો પાયો છે. રાષ્ટ્રપતિજીએ કહ્યું કે ભારત અને રોમાનિયા વચ્ચેની મિત્રતા પરસ્પર આદર, વિશ્વાસ અને શેર કરેલા લોકશાહી મૂલ્યો પર આધારિત છે. શિક્ષણ આ ભાગીદારીના સૌથી મજબૂત સ્તંભોમાંનું એક રહ્યું છે. દાયકાઓથી, રોમાનિયન યુનિવર્સિટીઓએ ભારતીય વિદ્યાર્થીઓનું, ખાસ કરીને મેડિસિન, એન્જિનિયરિંગ અને ટેકનોલોજીના ક્ષેત્રમાં સ્વાગત કર્યું છે. તેમણે બુકારેસ્ટ યુનિવર્સિટી ઓફ ઈકોનોમિક સ્ટડીઝ અને રોમાનિયાની અન્ય શૈક્ષણિક સંસ્થાઓને સંયુક્ત સંશોધન તેમજ ફેકલ્ટી અને વિદ્યાર્થીઓના આદાન-પ્રદાન દ્વારા સહયોગને વધુ ગાઢ બનાવવાનો આગ્રહ કર્યો હતો. રાષ્ટ્રપતિજીએ કહ્યું કે આજે, જ્યારે વિશ્વ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ડિજિટલ ટેકનોલોજી અને અન્ય ઝડપી વૈજ્ઞાનિક પ્રગતિ દ્વારા નવો આકાર લઈ રહ્યું છે, ત્યારે બુકારેસ્ટ યુનિવર્સિટી ઓફ ઈકોનોમિક સ્ટડીઝ જેવી યુનિવર્સિટીઓની એ સુનિશ્ચિત કરવાની વધુ મોટી જવાબદારી છે કે જ્ઞાનનું માર્ગદર્શન વિવેક, નૈતિકતા અને કરુણા દ્વારા થાય. રાષ્ટ્રપતિજીએ વિદ્યાર્થીઓને કહ્યું કે તેઓ આવતીકાલના વિશ્વના શિલ્પીઓ છે. સફળતા માત્ર વ્યાવસાયિક સિદ્ધિઓથી જ નથી માપવામાં આવતી, પરંતુ તેઓ જે મૂલ્યો ધરાવે છે અને અન્ય લોકોના જીવનમાં તેઓ જે સકારાત્મક બદલાવ લાવે છે તેનાથી પણ માપવામાં આવે છે. તેમણે તેમને જ્ઞાનની શોધમાં જિજ્ઞાસુ રહેવા, પોતાની ક્ષમતાઓમાં વિશ્વાસ રાખવા અને પોતાના કાર્યોમાં કરુણાસભર રહેવાની સલાહ આપી હતી. તેમણે તેમને સંસ્કૃતિઓ વચ્ચે પુલ બનાવવા અને વધુ શાંતિપૂર્ણ તથા સમૃદ્ધ વિશ્વમાં યોગદાન આપવા માટે તેમની પ્રતિભાઓનો ઉપયોગ કરવા વિનંતી કરી હતી. બુકારેસ્ટ યુનિવર્સિટી ઓફ ઈકોનોમિક સ્ટડીઝ એ અર્થશાસ્ત્ર, વ્યવસાય અને જાહેર વહીવટમાં ઉચ્ચ શિક્ષણ માટેની રોમાનિયાની અગ્રણી સંસ્થા છે. ૧૯૧૩માં સ્થાપિત, તે રોમાનિયામાં વિશેષરૂપે આર્થિક વિજ્ઞાનને સમર્પિત પ્રથમ યુનિવર્સિટી હતી અને ત્યારથી તેણે અર્થશાસ્ત્રીઓ, નીતિ ઘડવૈયાઓ, વ્યવસાયિક અગ્રણીઓ અને જાહેર વહીવટકર્તાઓની પેઢીઓને શિક્ષિત કરી છે. ડોક્ટર હોનોરિસ કોસા (Doctor Honoris Causa) એ યુનિવર્સિટીનો સર્વોચ્ચ શૈક્ષણિક પુરસ્કાર છે, જે શિક્ષણ જગત, જાહેર સેવા અને આંતરરાષ્ટ્રીય સહયોગમાં અસાધારણ યોગદાન બદલ પ્રખ્યાત વ્યક્તિત્વને આપવામાં આવે છે.



કમલમ્,

બીલીમોરાના પૂરગ્રસ્ત વિસ્તારોમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલજી એ રૂબરૂ મુલાકાત કરી ."આપદાના સમયે અડગ સાથ, પ્રજાના દુઃખમાં ખડેપગે" ના સંકલ્પ સાથે કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલ જી દ્વારા બીલીમોરાના પૂરગ્રસ્ત વિસ્તારોની રૂબરૂ મુલાકાત લઈને સ્થિતિની ગંભીર સમીક્ષા કરવામાં આવી. બીલીમોરાના અસરગ્રસ્ત વિસ્તારોમાં જાતે પહોંચીને મંત્રીશ્રીએ ઘર-ઘર અને ગલી-ગલીનું પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યું. અસરગ્રસ્ત પરિવારજનો અને પીડિતો વચ્ચે બેસીને તેમની આપવીતી, મુશ્કેલીઓ અને નુકસાની અંગે અત્યંત સાંત્વનાપૂર્વક માહિતી મેળવી. સ્થાનિક લોકોને પીવાનું શુદ્ધ પાણી, ખોરાક, દવાઓ અને અન્ય આવશ્યક સામગ્રી વિના વિલંબે મળી રહે તે માટે તંત્રને તાકીદ કરી. પૂર બાદ વિસ્તારમાં રોગચાળો ન ફેલાય તે માટે સફાઈ ઝુંબેશ, જંતુનાશક દવાઓનો છંટકાવ અને મેડિકલ કેમ્પ તાત્કાલિક ધોરણે શરૂ કરવા વહીવટી તંત્રને નિર્દેશ આપ્યા. આ મુલાકાતમાં રાજ્ય સરકાર ના મંત્રી શ્રી નરેશભાઈ પટેલ, ધારાસભ્ય શ્રી રાકેશભાઈ દેસાઈ, જિલ્લા પ્રમુખ શ્રી ભુરાભાઈ શાહ સહીત સ્થાનિક આગેવાનો ઉપસ્થિતિ રહ્યા હતા.



કમલમ્,

કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલજી એ ભાઠા ગામની પ્રત્યક્ષ મુલાકાત અને જનસંવાદ કર્યો."જનસેવા એ જ સાચો ધર્મ" ના સંકલ્પ સાથે કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલ જી દ્વારા ભાઠા ગામ ની રૂબરૂ મુલાકાત લઈને સ્થાનિક પરિસ્થિતિનો તાગ મેળવવામાં આવ્યો. મંત્રીશ્રીએ ભાઠા ગામના વિવિધ વિસ્તારોમાં રૂબરૂ જઈને પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું અને ગ્રામજનોના હાલચાલ પૂછ્યા. ગામના અગ્રણીઓ, મહિલાઓ અને યુવાનો સાથે સીધી વાતચીત કરીને તેમની સમસ્યાઓ તથા જરૂરિયાતો ખૂબ જ સંવેદનશીલતાથી સાંભળી. મંત્રીશ્રીએ સ્થળ પર જ હાજર વહીવટી તંત્રના અધિકારીઓ અને સંગઠનના હોદ્દેદારોને લોકહિતના કાર્યો અને જરૂરી સુવિધાઓ વહેલી તકે પૂરી પાડવા નિર્દેશ આપ્યા. આ મુલાકાતમાં રાજ્ય સરકાર ના મંત્રી શ્રી નરેશભાઈ પટેલ, ધારાસભ્ય શ્રી રાકેશભાઈ દેસાઈ, જિલ્લા પ્રમુખ શ્રી ભુરાભાઈ શાહ સહીત સ્થાનિક આગેવાનો ઉપસ્થિતિ રહ્યા હતા.



કમલમ્,

અમદાવાદમાં ભારે વરસાદના કારણે અસરગ્રસ્ત થયેલા ગોમતીપુર, વિરાટનગર અને પુરુષોત્તમનગર સહિતના વિસ્તારોની ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ મુલાકાત લીધી. શ્રી વિશ્વકર્માએ ભારે વરસાદના કારણે ઉદ્‌ભવેલી સ્થાનિક સમસ્યાઓ અને જરૂરીયાતોની જાણકારી મેળવી હતી અને તે સંદર્ભની કામગીરી વધુ ઝડપી અને અસરકારક રીતે થાય તે માટે જરૂરી સૂચનો આપ્યા હતા. સાથે જ ભાજપાના કાર્યકર્તાઓને 'સેવા હી સંગઠન'ના ભાવ સાથે અસરગ્રસ્ત પરિવારો સુધી પહોંચી દરેક શક્ય મદદ અને સહયોગ પહોંચાડવા અપીલ કરી હતી.

